॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

કાર્યાલયઃ ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦.

● સં. ૨૦૭૬ ● ભાદરવા વદ-૨ ● તા. ૦૪-૦૯-૨૦૨૦ ● શુક્રવાર SDP NO: 139 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ - મુંબઈ રીજીયન ની પસંદગી સમિતિએ પોતાના કાર્ય ને આપ્યો વેગ

વર્તમાન કોરોના મહામારીના અનુસંધાને સરકારશ્રીના આદેશ મુજબ હાલમાં કોઈપણ પ્રકારની જાહેર સભા યોજવી શક્ય નથી તેથી શ્રી પાટીદાર યુવક મંડળ, મુંબઈ અને મુંબઈ રીજીયનના હોદ્દેદારોની સયુંકત સભા/મિટિંગમાં પસંદગી સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું. હાલના સંજોગોને આધીન આ સમિતિ એ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

"શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ મુંબઈ રીજીયનની વર્તમાન કારોબારીનો કાર્યકાળ પૂર્ણ થતો હોવાથી વર્ષ ૨૦૨૦-૨૨ની નવી કારોબારીની રચના કરવા માટે તેમજ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘની કેન્દ્રીય વર્ષ ૨૦૨૦-૨૨ની નવી કારોબારીમાં મુંબઈ રીજીયન મારફત સેવા કરવા માટે ૭ (સાત યુવક) ૩ (ત્રણ યુવતીઓ) બેઠક/સીટ નક્કી કરવા માટે, શ્રી પાટીદાર યુવક મંડળ મુંબઈનાં કારોબારી સભ્યો અને **મુંબઈ રિજીયન** - ૨૦૧૮-૨૦ની ટીમ-વર્કના સભ્યો, તદ્દોપરાંત મુંબઈ રીજીયન - ચર્ચગેટથી દહાણું, CST થી ખોપોલી, કસારા, નવી મુંબઈ, પનવેલ તેમજ ભીવંડી વિસ્તારમાં રહેતા ૧૮ થી ૪૭ વર્ષની વયના ઈચ્છુક સનાતન ધર્મ - પ્રેમી સભ્યો (તેમાં સેવા આપવા ઈચ્છુક યુવક /યુવતીઓ) એ પોતાનું સંપૂર્ણ નામ, સરનામું, ફેમિલી ID અને સ્થાનિક યુવક મંડળનું નામ વિગેરે, (સંપૂર્ણ માહિતી/વિવરણ સાથે) નીચે આપેલ પસંદગી સમિતિના કોઈપણ સભ્યને તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦ રવિવાર સુધી વોટ્સએપ પર મોકલવાનું રહેશે.

મુંબઈ રીજીયન ૨૦૨૦ - ૨૨ કાર્યકાળની નવી ટીમ બનાવવા માટે સેવા આપવા ઈચ્છતા સભ્યો સાથે મિટિંગ રાખવામાં આવશે, જેમાં નવી ટીમ નિયુક્ત (ફાઈનલ) કરવામાં આવશે.

આ સેવામાં જોડાવવા માટે સર્વે સહયોગી મંડળ અને સર્વે સભ્યોને પસંદગી-સમિતિ આવકારે છે.

પ્રકાશભાઈ માવાણી - ઘાટકોપર
૭૬૬૬૯૪૬૬૬૯

કિર્તીભાઈ દિવાણી - થાણા
૯૩૨૨૮૮૫૧૯૯

પરેશભાઈ માવાણી - થાણા
૯૩૨૨૬૭૪૪૮૦

શાંતિભાઈ ભાવાણી - મુલુંડ
૮૮૭૯૦૩૭૩૭૦

મહેન્દ્રભાઈ સેંઘાણી - ઘાટકોપર
૯૩૨૨૨૩૩૫૨૭

યુવાસંઘ નાં સાબર રીજીયન એ કરી પસંદગી સમિતિ ની રચના

સંયોજક : અલ્પેશ રામાણી - SBR PRO

યુવા સંઘની ૨૦૧૮-૨૦ ના સમયમાં યુવાસંઘ, મહિલા સંઘ અને શ્રી સમાજ સાથે રહી યુવા ઓલિમ્પિયાડ, મિશન ગ્રીન ઈન્ડિયા, બ્લડ ડોનેશન કેમ્પો, બિઝનેસ અને એજ્યુકેશન સેમિનારો, Webcom તથા YSK ના જોરદાર કાર્યો, ગામે ગામ સંપર્ક યાત્રા દ્વારા સમાજને ખૂબ જ ગતિશીલતા આપી અને શ્રેષ્ઠ સમાજ થી શ્રેષ્ઠ રાષ્ટ્રના નિર્માણમાં ખૂબ જ સહભાગી બનેલ સાબર રીજીયને, સમાજને હજી પણ નવી ઊંચાઈ તરફ લઈ જવા હેતુ ૨૦૨૦-૨૨ ની નવી ટીમ માટે સેન્ટ્રલ પસંદગી સમિતિની સૂચના અનુસાર, સાબરના દરેક મુખ્ય હોદ્દેદારો, ડિવિઝન ચેરમેન - સેક્રેટરી તથા રીજીયન સલાહકાર ટીમ સાથે ટેલિફોનિક ચર્ચા વિચારણા બાદ સર્વ સંમતિથી નીચે મુજબના સભ્યોને SBR ની પસંદગી સમિતિના સભ્યો તરીકે નિયુક્ત કરેલ છે.

૧. ભરતભાઈ સુરાણી, ઈશ્વરપુરા કંપા
RAC
૯૪૨૬૫૪૯૬૨૦

૨. અરવિંદભાઈ વેલાણી, અમીરગઢ
Greenland Coun. PDO ANE
૯૮૨૫૩૩૪૩૭૦

૩. વિનોદભાઈ વેલાણી, તારંગા
RAC
૯૬૬૪૯૨૬૮૫૧

૪. પ્રમોદભાઈ છાભૈયા, માધવ કંપા
RAC
૯૪૨૮૦૬૨૬૦૬

૫. ભરતભાઈ છાભૈયા, દહેગામ
RAC
૯૮૯૮૩૮૨૩૭૩

૬. કિરીટભાઈ પોકાર, તખતગઢ
RAC
૯૮૭૯૮૪૦૦૯૩

રાજનંદગાવ ની અનેરી પહેલ

સંયોજક - પવન દિવાણી

મિત્રો, કોરોના નો પ્રભાવ પુરા ભારત માં તેમના ઉચ્ચ સ્તર માં છે, અને તે સુરસા ના મોઢા ની જેમ વધી રહ્યો છે, ખાસ કરીને રાજનંદગાવ માં પણ તેનો પ્રભાવ ખૂબ વધ્યો છે.

કોરોના થી બચાવ નો એક માત્ર ઈલાજ છે, પોતાની સુરક્ષા જાતેજ કરવી !

ગણેશોત્સવ પછી શ્રાદ્ધ નો મહિનો શરૂ થયો છે, આ શ્રાદ્ધ માં સર્વે થી એકજ નિવેદન છે કે આપણા પિતૃ ભોજ નો કાર્યક્રમ બની શકે એટલો ઘર મેળે પતાવવો, સર્વે જ્ઞાતિજનો ને ખાસ નિવેદન છે કે ઘર સિવાય કોઈ પણ નિયાળી ને જેટલી ઓછી નોતરશુ એટલા આપણે અને આપણું પરિવાર સુરક્ષિત રહેશે!

રાજનંદગાવ સમાજ એ આ વર્ષે આ રીત અપનાવેલ છે, અને સર્વે જ્ઞાતિજનો ને યોગ્ય લાગે તો અનુસરવા નિવેદન કરે છે.

વિનીતઃ

● શ્રી પાટીદાર સમાજ ● શ્રી પાટીદાર મહિલા મંડળ ● શ્રી પાટીદાર યુવક મંડળ

રાજનંદગાવ

કોરોના વોરિયર

સંયોજક - નિલેશ સૂરાણી

સાબર રીજીયન ના તલોદ ખાતે રહેતા અને ગુજરાતનો મોટામાં મોટો કંપો તખતગઢ CHC માં લેબ ટેકનિશિયન તરીકે ફરજ બજાવતા **સુમિત ગંગારામભાઈ સુરાણી** છેલ્લા ત્રણ મહીનાથી કોરોના વોરિયર્સ તરીકે સેવા આપી રહેલ છે. તેઓ તખતગઢ અને તેની આજુબાજુના ગામડાઓનો વિસ્તાર તથા ડેપ્યુટેશન ઉપર હિંમતનગર ખાતે દરરોજના ૨૦ થી ૨૫ જેટલા કોરોનાના એન્ટીજન ટેસ્ટ કરે છે જેમાં ઘણા પોઝિટિવ અને ઘણા નેગેટિવ જોવા મળે છે. આ સાથે તેઓ સનાતન મેડીકોઝ ટીમ સાથે રહી હેલ્થ એન્ડ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ માં પણ સામાજીક કાર્યોમાં જોડાયેલ છે. તેઓ પોતાના શરીરને તો સાચવે જ છે પરંતુ પોતાના પરિવારને પણ સાચવવા નોકરીથી ઘરે આવે ત્યારે જરૂરી તમામ પગલાં લે છે. તેમના શબ્દોમાં કહીએ તો કોરોનાથી બચવા ખાસ તો માસ્ક પહેરવું, જરૂર હોય તો જ ઘરની બહાર નીકળવું અને Phisical Distance જાળવવું એટલું જ જરૂરી છે.

ખરેખર કોરોના ની આવી મહામારીમાં સમાજના જેટલા પણ આવા મિત્રો કોરોના વોરિયર્સ તરીકે સેવા આપી રહ્યા છે તેઓ તમામને યુવાસંઘ મહિલા સંઘ અને શ્રી સમાજ બે હાથ જોડી નત મસ્તક વંદન કરે છે અભિનંદિત કરે છે.

ગઢશીશા સરપંચનું સરાહનીય કાર્ય

સંયોજક - ગૌરાંગ ધનાણી

કચ્છ માં અતિશય એકધારા પડેલો વરસાદ બંધ થતાની સાથે ગઢસીસા ગામે સરપંચ ભાઈલાલભાઈ છાભૈયા, સભ્ય હરેશ રંગાણી, ઉમેશ મિસ્ત્રી, મહેન્દ્ર સેંઘાણી અને અરવિંદ ભગત ની દેખરેખ હેઠળ જાહેર માર્ગ, વથાણ ચોક અને બસ સ્ટેશન વિસ્તારમાં ભારે વરસાદમાં જામી ગયેલ માટીના થર જે.સી.બી મશીન, ટ્રેક્ટર દ્વારા ઉપાડવાનું કામ તાત્કાલિક હાથ ધરવામાં આવ્યું. શાસક નેતૃત્વ ઝડપી કાર્ય કરી ને આફત ને અવસર માં બદલી શકે છે, જે આ કાર્ય જોઈ ને કહી શકાય.. કકપા રાજકીય સમીક્ષકો આ બાબતે જરૂર નોંધ લેશે.

જય ખેતાબાપા સંસ્થાન - વિથોણ દર્શનાર્થીઓ માટે થયું પૂર્ણ રીતે અનલોક

સરકારના નિયમ અનુસાર કોરોના મહામારીમાં બંધ રાખવામાં આવેલ શ્રી ખેતબાપા સંસ્થાન હવે સરકારની નવી ગાઈડલાઈન પ્રમાણે ફરીથી પૂર્ણ રૂપે ચાલુ કરવામાં આવેલ છે. ખેતાબાપા સંસ્થા પરિસર પહેલા જે રીતે ચાલુ હતું એ રીતે જ ચાલુ રહેશે.

સૌ ભકતજનો પ્રસાદી પણ ચઢાવી શકશે, તેમજ રૂમો નું બુકીંગ પણ કરાવી શકશે. અને નિયમ પ્રમાણે ભોજનશાળા પણ ચાલુ કરવામાં આવેલ છે.

દરેક દર્શનાર્થી તેમજ મુલાકાતીઓએ માસ્ક પહેરવું ફરજીયાત છે
તેમજ સોશિયલ ડિસ્ટન્સ નું પાલન કરવું પણ ફરજિયાત છે
સંત શ્રી ખેતાબાપા સંસ્થાન
-વિથોણ -

શ્રાદ્ધ - એક ભારતીય પરંપરા

ધાર્મિક કારણ : શ્રાદ્ધએ એક પ્રકારનું સર્વ-પિતૃ નૈવેધ છે, જે આપણા દિવંગત વડીલોને ઋણ પેટે ચૂકવીએ છીએ, અને તેમના આત્મા પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરીએ છીએ ..

સામાજિક કારણ : પિતૃની સ્મૃતિ નિમિતે આખું કુટુંબ સાથે મળી ભેગા થાય અને વર્ષ દરમિયાન કુટુંબમાં થયેલા નાના-મોટા મનદુઃખ કે ઝઘડા વડીલોની હાજરીમાં દુર કરવાની કોશિશ કરે અને સંપ અને એકતા ટકાવવા સમાધાન કરાવે અને કરે ..

વૈજ્ઞાનિક કારણ : વરસાદી વાતાવરણ અને કમજોર પાચન શક્તિને લીધે વા, પિત અને કફ જન્ય રોગોમાં આ સમયે પિતદોષ વધી જાય છે અને પિતનું મારણ ' ખીર ' છે, દરેકને શ્રાદ્ધ આવે અને ખીર ખાયને પિતદોષ જાય ..

પ્રાકૃતિક કારણ : આ જ સમયમાં કાગડાનો સંવનન કાળ પૂરો થયો હોય, તેમના માળામાં ઈંડા સેવવાનું અને બચ્ચા ઉછેરવાનું કામ ચાલુ હોય ત્યારે આસાનીથી તેને ૧૬ દિવસ ખોરાક મળી રહે એવી પ્રકૃતિનું ઋણ ચુકવવાની અહી ભાવના છે ..

કેટલી સુંદર ભાવનાઓ આપણા તહેવારોમાં ઓતપ્રોત થયેલી છે ક્યારેય વિચાર્યું છે ?

આપણી સંસ્કૃતિ એ પ્રકૃતિ સાથે એકરસ થઈ જીવવાનું શીખવે છે, કુદરતમા ભળી જઈને અનુકૂળ થવાનુ શીખવે છે !! આનંદથી જીવવાનું શીખવે છે, કુદરતનો વિરોધ કરવાનું નહી !!

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા.૦૨.૦૯.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૯૫:

લગ્ન પ્રસંગે વર - વધુ નાં અણવર વરરાજાને ગરમી થી બચાવવા માટે પરંપરાગત રીતે હાથમાં શું ફેરવે છે...??

સાચો જવાબ : વીંઝણો

સાચો જવાબ આપનાર વિજેતા : વસંતાબેન ભગવાનદાસ વેલાણી - ઈન્દોર **9926188794.**

ગઈકાલ તા.૦૩.૦૯.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૯૬:

એક દરિદ્ર બ્રાહ્મણ, ઉલ્કામુખ રાજા, શેઠ વાણિયો, કલાવતી, લીલાવતી, રાજા ચંદ્રકેતું...
આ વગેરે પાત્રો કોની કથા માં સાંભળવા મળે છે...??

આજના પ્રશ્ન નંબર ૯૭ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા **7718977774** પર મોકલો અને જીતો ઈનામ ...
આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

અવસાન નોંધ

તારીખ : ૦૨/૦૯/૨૦

સ્વ. હરીભાઈ રામજી મૈયાત, ઉમર : ૬૮ વર્ષ, કચ્છ : દયાપર, હાલે : વેસ્મા.
સ્વ. રામબાઈ નારણભાઈ ધોળુ, ઉમર : ૮૦ વર્ષ, કચ્છ : નાગલપર, હાલે : ગાંધીધામ.
સ્વ. રતનબેન હિરજી ગોગારી, ઉમર : ૭૭ વર્ષ, કચ્છ : ટોડીયા, હાલ : હુમનાબાદ (કર્ણાટક).

તારીખ :- ૦૩/૦૯/૨૦

સ્વ. લક્ષ્મીબેન અરજણ છાભૈયા, ઉમર : ૭૨ વર્ષ, કચ્છ : વિરાણી મોટી, હાલે : રાયપુર (CG).